પૂ. બાપુજીના ૮૦મા જન્મદિન નિમિત્તે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ અર્પણ

# શ્રીપ્રેમ જન્મદિન દશક

સુરમ્ય, રુચિર, રસાળ, જગમાં પ્રેમનામ.
દયાસાગર વિશાળ, જગમાં પ્રેમનામ. ......૧

ભાસે સેવતાં પ્રેમથી, પ્રેમ મહીં ભગવાન.
દ્રવે દગે, હૃદયે, પ્રેમ એ જ મહાન. ......૨
પરને પોતીકું માનીને, વર્તે તે પ્રેમ માન.
દઈ સર્વસ્વ મૌન રહે, એ પ્રેમને સલામ ......૩

પરમેશ્વરનું રૂપ એ, સ્પર્શ જ એનું પ્રમાણ.
ડગર ડગર પર સાથ દે, છાયારૂપ અજાણ. ......૪
વોકળો લાગે ઉપરથી, માંહી અનંત ઊંડાણ.

એને આશરે આંધીમાં, તરી ગયાં અણજાણ. ......૫
ટમટમતો એ દીવડો, ઉરે ઉરે ઉજાળ.
લે લ્હાવો જણ ! ઉરથી, અન્ય ઉર ઉજાળ. ......૬

પ્રેમજન્મ તો લાગણીઓમાં, ભાવે પ્રસૂતિ જાણ.
મમતા એનું બાલ્યપણ, સ્નેહે સદા યુવાન. ......૭
જગતનિયંતા એક, થયો અનેક પ્રેમે જાણ.
નર પહેલાં નારાયણે, હતો પ્રેમ વિદ્યમાન. ......૮
મર્ત્યને જન્મ-મૃત્યુદિન, અજન્મા એથી અજાણ.

દિન હરદિન જન્મદિન, પ્રેમતત્ત્વનો જાણ. ......૯
વધાવું એને નિત્ય ને, પૂજું ઉરે સુજાણ.
સર્વાંતર વ્યાપિ રહ્યો, સર્વાંતરને પ્રણામ. ......૧૦

(લ.તા. ૧૮-૮-૦૯)

ચરણાનુરાગી
પીયૂષ અ. જાનીના
ગુરુદેવ દત્ત સહ પ્રણામ